**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

ભાદરવા સુદ - ૧૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

દરેક વર્ષ જતા જતા બે વાત સમજાવતું જાય છે, કોઈ કાયમી નથી ને જીવન આગળ વધતું જાય છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૯૩ ● તારીખઃ ૨૫.૦૯.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG


E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


# બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત 'અર્નબ' આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું

## ૭૫ કિમીની ઝડપે ફૂંકાયેલા પવનો અને મુશળધાર વરસાદથી પૂરની સ્થિતિઃ હજારો લોકોનું સ્થળાંતર કરાયું

**સમય સંદેશઃ નવીદિલ્હી**

બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું ચક્રવાત 'અર્નબ' ગત રાત્રે ૧૧ વાગ્યાથી ૧ વાગ્યાના સમયગાળા દરમિયાન ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું હતું. આ વાવાઝોડાના પગલે બંને રાજ્યોના અનેક વિસ્તારોમાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. કુદરતી આપત્તિના પગલે ઓડિશામાં તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરીને આશરે ૫,૦૦૦ જેટલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. દક્ષિણના જિલ્લાઓમાં પૂરના પાણીના ભારે વહાવને કારણે ૪થી વધુ પુલ તણાયા છે અને રસ્તાઓ ધોવાઈ જતાં વાહનવ્યવહાર તથા જનજીવન ગંભીર રીતે પ્રભાવિત થયું છે.



આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના કલિંગપટ્ટનમ સહિતના વિસ્તારોમાં કલાકના ૭૫ કિમીની ચક્રવાતી ઝડપે ફૂંકાયેલા પવનો સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. વિજયવાડામાં ગઈકાલે સવારથી જ સતત વરસી રહેલા વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારો જળમગ્ન બન્યા છે, જેના પગલે સાવચેતીના ભાગરૂપે સતત બીજા દિવસે શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. હવામાન વિભાગના સત્તાવાર રિપોર્ટ મુજબ, આ સિસ્ટમ છેલ્લા છ કલાક દરમિયાન પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ દિશા તરફ ૩ કિમી પ્રતિ કલાકની ધીમી ઝડપે આગળ વધી રહી છે.

વાવાઝોડા અને લો પ્રેશરની પરોક્ષ અસરરૂપે પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પણ વરસાદી માહોલ જામ્યો છે. પશ્ચિમ બંગાળના સાઉથ ૨૪ પરગણામાં તેજ પવન સાથે ભારે વરસાદ નોંધાતાં ઓરેન્જ એલર્ટ જારી કરી માછીમારોને દરિયામાં ન ખેડવાની કડક તાકીદ કરાઈ છે, જ્યારે દાર્જિલિંગ અને કાલિમ્પોંગમાં ભૂસ્ખલનની ચેતવણી આપવામાં આવી છે. બીજી તરફ ઉત્તર પ્રદેશમાં ૩ દિવસના વિરામ બાદ ફરી વરસાદ શરૂ થયો

અનુ પાના નં.૨ પર

# ચૂંટણી પંચ અને SIR રિપોર્ટ પર રાજકીય ઘમાસાણઃ દીપકે અને રાહુલ ગાંધીએ જ્ઞાનેશ કુમારના રાજીનામાની કરી માંગ

## ૧૩ કરોડથી વધુ મત કાપવાનો અને SIR પ્રક્રિયામાં અનિયમિતતાનો આરોપઃ ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપી 'જંતર-મંતર ૨.૦' આંદોલનની અપાઈ ચેતવણી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

'ધ ઇન્ડિયન એક્સપ્રેસ'ના ચૂંટણી પંચ અને SIR (સ્પેશિયલ ઇન્ટેલિજન્સ/રિવિઝન) પ્રક્રિયા અંગેના ચોંકાવનારા રિપોર્ટ બાદ દેશના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. રિપોર્ટ મુજબ,





ચૂંટણી પંચની અંદર જ SIR પ્રક્રિયા સામે સવાલો ઉઠ્યા હતા અને કમિશનર સુખબીર સિંહ સંધુ તથા વિવેક જોશીએ અનેક નિર્ણયો સામે આંતરિક વાંધા નોંધાવ્યા હતા. આ અહેવાલને આધારે કોકરોચ


અનુ પાના નં.૨ પર

# સાઉદી અરેબિયાના મક્કા સહિત અનેક શહેરોમાં ઈમરજન્સી સિક્યોરિટી એલર્ટઃ નાગરિકોમાં અફરાતફરી

## નેશનલ અર્લી વોર્નિંગ પ્લેટફોર્મ દ્વારા સુરક્ષા ચેતવણી જારીઃ સિવિલ ડિફેન્સે લોકોને ઘરની અંદર રહેવા કરી અપીલ

**સમય સંદેશઃ ડેસ્ક**

સાઉદી અરેબિયાના પવિત્ર શહેર મક્કા ઉપરાંત મદીના, રિયાધ અને પૂર્વીય પ્રાંતના અનેક વિસ્તારોમાં ગઈકાલે નેશનલ અર્લી વોર્નિંગ પ્લેટફોર્મ દ્વારા અચાનક ઈમરજન્સી સુરક્ષા એલર્ટ જારી કરવામાં આવતાં સ્થાનિકો અને નાગરિકોમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સાઉદી સિવિલ ડિફેન્સ દ્વારા સંભવિત ખતરા અને સુરક્ષા જોખમોને ધ્યાનમાં રાખીને નાગરિકો તેમજ રહેવાસીઓને તાત્કાલિક અસરથી સુરક્ષિત સ્થળોએ ખસી જવા અને સ્થાનિક પ્રશાસન દ્વારા આપવામાં આવતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવાયું હતું. સત્તાવાર વિગતો અનુસાર, સાઉદી



નાગરિક સંરક્ષણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્પષ્ટતા કરી હતી કે મક્કા અને આસપાસના વિસ્તારોમાં રાષ્ટ્રીય અર્લી વોર્નિંગ પ્લેટફોર્મ મારફતે આ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું. જોકે, પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ ચિંતાજનક સંદેશાઓ થોડીવારમાં હટાવી લેવામાં આવ્યા હતા. તાજેતરના સમયમાં યમનના ઈરાન સમર્થિત હુથી બળવાખોરો દ્વારા સરહદી અને વ્યૂહાત્મક વિસ્તારો પર કરવામાં આવતા લક્ષિત હુમલાઓને પગલે સાઉદી સુરક્ષા એજન્સીઓ હાઈ એલર્ટ પર છે અને આ પ્રકારના કટોકટી પ્રોટોકોલ અમલી બનાવવામાં આવી રહ્યા છે. સુરક્ષા એજન્સીઓએ લોકોને ગભરાયા વગર


અનુ પાના નં.૨ પર

### સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ક્રાંતિવીરોના પ્રેરણાસ્રોત બનેલા આ ગીતની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે

# દ્વારકાના શિશુ મંદિર ખાતે આજે 'વંદે માતરમ'નું સામૂહિક ગાનઃ 'નમામી ભારતમ' અંતર્ગત રાષ્ટ્રવંદના યોજાશે

**સમય સંદેશઃ દ્વારકા**

ભારતની રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા અમર ગીત 'વંદે માતરમ'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક પ્રસંગે અખિલ ભારતીય વિદ્યા ભારતી શિક્ષણ સંસ્થાન દ્વારા આયોજિત રાષ્ટ્રવ્યાપી 'નમામી ભારતમ' કાર્યક્રમ અંતર્ગત આજે શુક્રવારે દેશભરમાં એકસાથે પૂર્ણ 'વંદે માતરમ'નું સામૂહિક ગાન યોજાઈ રહ્યું છે. આ અભિયાન હેઠળ દેશભરના સંલગ્ન શિશુ મંદિરોમાં આજે સવારે ૧૧ વાગ્યે ૧ કરોડથી વધુ લોકો એકસાથે



રાષ્ટ્રવંદનામાં જોડાશે. જે અંતર્ગત દ્વારકામાં ધ દ્વારિકા હોટલ સામે, હાઇવે રોડ સ્થિત શિશુ મંદિર ખાતે આજે સવારે ૧૧ વાગ્યે આ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ક્રાંતિવીરોના પ્રેરણાસ્રોત બનેલા આ ગીતની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે યોજાયેલા આ રાષ્ટ્રગૌરવના અવસરમાં દ્વારકાના વધુમાં વધુ નાગરિકો ઉપસ્થિત રહી રાષ્ટ્રભાવના અને દેશપ્રેમના આ મહાયજ્ઞમાં સહભાગી બને તેવો આયોજકો દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

# જામનગર મનપાની સ્ટેન્ડિંગ કમિટીમાં કરોડોના વિકાસ કામોને મંજૂરીઃ ૧૮.૮૮ કરોડના ખર્ચના કામો મંજૂર કરાયા

## વિવિધ વોર્ડમાં સી.સી. રોડ, પેવર બ્લોક, અર્બન હેલ્થ સેન્ટર અને ભુગર્ભ ગટર સહિતના કામોને લીલી ઝંડીઃ રૂ. ૧૨.૨૨ લાખની આવકના કામોને બહાલી




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ગત રોજ ચેરમેન શ્રી ધીરેનકુમાર પી. મોનાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં મેયરશ્રી મોનીકાબેન વ્યાસ, ડે. મેયરશ્રી રાકેશભાઈ ડેર, ડે. કમિશ્નરશ્રી દેવેન્દ્રસિંહ ઝાલા સહિતના અધિકારીઓ અને ૧૨ કમિટી સભ્યોની ઉપસ્થિતિમાં શહેરના વિકાસને વેગ આપતી વિવિધ દરખાસ્તો પર ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવામાં આવ્યા હતા. કમિટી દ્વારા કુલ રૂ. ૧૮.૮૮ કરોડના અંદાજિત ખર્ચના વિવિધ કામોને મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે વાર્ષિક રૂ. ૧૨.૨૨ લાખની આવક કરાવતી દરખાસ્તોને પણ બહાલી અપાઈ હતી.

મંજૂર કરાયેલા મુખ્ય કામોમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને લોકભાગીદારી હેઠળ વોર્ડ નં. ૫ માં રૂ. ૨૦૦ લાખ, વોર્ડ નં. ૧૧ માં રૂ. ૨૫૦ લાખ અને વોર્ડ નં. ૧૨ માં રૂ. ૨૫૦ લાખના ખર્ચે સોસાયટીઓમાં સી.સી. રોડ અને પેવર બ્લોકની કામગીરી હાથ ધરાશે. આ ઉપરાંત વોર્ડ નં. ૧૧ માં ટી.પી. સ્કીમ નં. ૬ માં રૂ. ૧૧૧.૫૦ લાખના ખર્ચે સી.સી. રોડ, વોર્ડ નં. ૧૧ (હાપા) માં રૂ. ૧૦૭.૮૪ લાખ અને વોર્ડ નં. ૧૨ (ઘાંચીવાડ) માં રૂ. ૧૬૧.૪૯ લાખના ખર્ચે આધુનિક શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બિલ્ડીંગ નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. ભુગર્ભ ગટર સુવિધાઓ માટે વોર્ડ ૧ થી ૮ અને ૯ થી ૧૬ માટે રૂ. ૧૦૮.૯૩-૧૦૮.૯૩ લાખના કામો તથા ૭૦ એમ.એલ.ડી. સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટના ૨ વર્ષના સંચાલન માટે રૂ. ૫૬૪.૭૧ લાખ મંજૂર કરાયા છે.

અન્ય નિર્ણયોમાં સમર્પણ સર્કલથી બેડી બંદર રોડ સુધીના ૪૫ મીટર પહોળા ડી.પી. રોડ અંગેની દરખાસ્તનો સૈદ્ધાંતિક સ્વીકાર કરાયો છે. સરદાર વલ્લભભાઈ પટેલ એમ્યુઝમેન્ટ પાર્કમાં ફૂડઝોનની ૨ શોપ ભાડે આપી વાર્ષિક રૂ. ૧૨.૨૨ લાખની આવક મેળવાશે. આ ઉપરાંત પટેલવાડી-રાજપાર્ક મેઈન રોડ પરની જમીન વનવિભાગને પ્લાન્ટેશન અર્થે સોંપવા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળા નં. ૪૨ નું આધુનિક નવનિર્માણ કરવા અને પેન્શનરના મૃત્યુ પ્રસંગે એકમ રકમ ચૂકવવા અંગેના નિયમોની દરખાસ્તોને ભલામણ સાથે જનરલ બોર્ડ સમક્ષ મૂકવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે.

# જામનગરના લાખોટા તળાવમાં ૧૧ કાચબાના મોતનું કારણ અકબંધઃ મનપાની વધુ એક બેદરકારી સામે ઊઠતા સવાલો

## પાણીમાં ઓક્સિજન યોગ્ય અને પ્રદૂષણ ન હોવાનો રિપોર્ટ આવ્યોઃ સમયસર જાણ ન કરાતાં પીએમ ન થઈ શકતા મોતમાં મનપાની બેદરકારી ખુલ્લી પડી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શાન સમાન લાખોટા તળાવના ગેટ નં. ૫ સામે મ્યુઝિયમ તરફ જવાના દરવાજા નજીક ગત તા. ૧૭ ઓગસ્ટના રોજ ૧૧ કાચબા અને મોટી સંખ્યામાં માછલીઓના મોત નિપજતાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ હતી. ઘટનાના પગલે મહાનગરપાલિકા અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ટીમે સ્થળ પર દોડી જઈ પાણીના નમૂના ચકાસણી અર્થે મોકલ્યા હતા. જીપીસીબીના તાજેતરના રિપોર્ટ અનુસાર તળાવના પાણીમાં કોઈ પ્રદૂષણ ન હોવાનું અને ઓક્સિજનનું પ્રમાણ પણ યોગ્ય હોવાનું સામે આવ્યું છે, જેથી કાચબાના મોત કોઈ પ્રદૂષણ કે ઓક્સિજનની ઘટથી થયા નથી તે સ્પષ્ટ થયું છે.

જોકે, આ સંતોષકારક રિપોર્ટ વચ્ચે જામનગર મહાનગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. તળાવમાં ૧૧ કાચબાના મોત થયા હોવા છતાં મનપા તંત્ર દ્વારા સમયસર વનવિભાગને આ અંગે કોઈ જાણ કરવામાં આવી ન હતી. વનવિભાગની ટીમ જ્યારે સ્થળ પર પહોંચી ત્યારે મોડું થઈ ચૂક્યું હોવાથી અને કાચબાના મૃતદેહો ફૂલાઈ ગયા હોવાથી તેમનું પોસ્ટમોર્ટમ કરવું શક્ય બન્યું ન હતું. પરિણામે, શિડ્યુલ-૧ માં આવતા અને કાયદાકીય રીતે



તસવીરઃ હિરેન ગાંધી



અત્યંત સંરક્ષિત એવા આ જળચર જીવોના મોતનું સાચું કારણ કાયમી ધોરણે રહસ્ય જ રહી ગયું છે. વનવિભાગે પીએમ શક્ય ન હોવાનો રિપોર્ટ આપી ભવિષ્યમાં આવી ઘટના બને તો તાત્કાલિક જાણ કરવા મનપાને સૂચના આપી છે. તળાવમાં અગાઉ પણ મોટી સંખ્યામાં

અનુ પાના નં.૨ પર

# ભાણવડના ગુંદા ગામે પવનચક્કીમાં આગઃ આકાશમાં ધુમાડાના ગોટેગોટા, અફરાતફરી



**સમય સંદેશઃ ભાણવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકામાં આવેલા ગુંદા ગામ સીમ વિસ્તારમાં ગત રોજ એક પવનચક્કીમાં અગમ્ય કારણોસર અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠવાની ઘટના સામે આવી છે. પવનચક્કીની પાંખો અને ઉપરના મશીનરી વિભાગમાં આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતાં કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં દૂર દૂર સુધી છવાઈ ગયા હતા, જેને પગલે આસપાસના ગ્રામજનો અને વાડી વિસ્તારના લોકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. શોર્ટ સર્કિટ અથવા તો અન્ય કોઈ તાંત્રિક ખામીના કારણે આગ લાગી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. બનાવ અંગે જાણ થતાં જ પવનચક્કી કંપનીના ટેકનિકલ સ્ટાફ અને સ્થાનિક તંત્રે સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવવા તથા સુરક્ષાત્મક પગલાં ભરવા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરમાં કરોડોના બાકી વેરાની વસુલાત કરવા મનપાની લાલ આંખઃ બે દિવસમાં રૂ. ૬૦ લાખની રિકવરી, પાંચ મિલકત સીલ અને પાંચ નળ જોડાણ કાપ્યા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાના બાકી મિલકત વેરાની વસુલાત માટે સખત લાલઆંખ કરવામાં આવી છે, જેમાં છેલ્લા બે દિવસ દરમિયાન મનપાની રિકવરી ટીમ દ્વારા આક્રમક ઝુંબેશ ચલાવીને કુલ રૂ. ૬૦ લાખની વસુલાત કરવામાં આવી છે. સમયસર વેરો ન ભરનારા બાકીદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરતા મનપા તંત્ર દ્વારા ૫ મિલકતોને સીલ મારી દેવામાં આવ્યા છે અને ૫ આસામીઓના નળ જોડાણ કાપી નાખવામાં આવ્યા છે. મનપા અધિકારીઓ દ્વારા આગામી દિવસોમાં પણ બાકી વેરા વસુલાત માટે આ પ્રકારની કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

## તંત્રી સ્થાનેથી..

### રેલ.. ડી-રેલ !

ટ્રેનના જનરલ ડબ્બામાં ઘેટાં-બકરાંની જેમ ભરેલા મુસાફરો તેમની મુસાફરી કેવી રીતે પૂર્ણ કરી શકે છે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. ટ્રેનની અંદરના શૌચાલયોની ખરાબ સ્થિતિ જોઈને, મુસાફરો અનિચ્છાએ તેનો ઉપયોગ કરે છે. રેલ્વેની દેખરેખ વ્યવસ્થા ચોક્કસપણે ઢીલી છે. એવું લાગે છે કે કોઈને જવાબદાર ઠેરવવામાં આવતા નથી. બધે ફેલાયેલો કચરો આનો પુરાવો આપે છે. આપણા સમાજમાં આઝાદીના આઠમા દાયકામાં જે સ્વચ્છતા સભાનતા હોવી જોઈએ તે વિકસિત થઈ નથી. તે સ્પષ્ટ નથી કે વધતા મૂડી ખર્ચની અસર ભારતીય રેલવેની કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો થવાના સ્વરૂપમાં ક્યારે પ્રતિબિંબિત થવાનું શરૂ થશે. ઓછી સ્પીડ સાથે ઊંચી કિંમતના નૂરના પરિવહનનો સીધો અર્થ એ થાય છે કે ભારતીય રેલવે પરિવહનનાં અન્ય વૈકલ્પિક માધ્યમો જેમ કે રોડ વગેરેથી આવક ગુમાવી રહી છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં રેલવે અકસ્માતો વધ્યા છે (જો કે તે પહેલાની સરખામણીમાં ઘટયા છે) પરંતુ નવાઈની વાત છે કે નેશનલ રેલવે સેફ્ટી ફંડ રૂ. ૧૦,૦૦૦ કરોડના સ્તરે અટકી ગયું છે. કવચ ઓટોમેટેડ રેલવે પ્રોટેક્શન સિસ્ટમ પણ માત્ર ૧,૫૦૦ કિલોમીટરના રેલવે માર્ગો પર સક્રિય છે, જે દેશના રેલ નેટવર્કના માત્ર ૨.૧૪ ટકા છે. એટલે કે નહિવત્ છે. ભારતીય રેલવેએ ટ્રેનોમાં સામાન્ય કોચ (નોન-એર કન્ડિશન્ડ)માં ભીડની સમસ્યાને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે, ખાસ કરીને વ્યસ્ત રૂટ પર. ભાડાને તર્કસંગત બનાવીને અને ક્ષમતા વધારીને આનો ઉકેલ લાવી શકાય છે. ઝડપથી વિકસતી ભારતીય અર્થવ્યવસ્થાની જરૂરિયાતોને અનુરૂપ રહેવા માટે રેલવેએ મોટા ફેરફારો કરવા પડશે. આજથી બરાબર સોએક વર્ષ પહેલાં વર્ષ ૧૯૨૪માં દેશનું પહેલું રેલવે બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. તે એવો સમય હતો જ્યારે રેલવે બજેટનું કદ સામાન્ય બજેટ કરતાં પણ વધારે હતું. ત્યારથી, સંજોગો ઘણા બદલાયા છે અને હવે ભારતમાં અલગ રેલવે બજેટ રજૂ કરવાની પ્રથા નાબૂદ કરવામાં આવી છે. કેટલીક સારી બાબતો કે જેનો ભાજપે છેદ ઉડાડ્યો છે, એમાં રેલવે બજેટ પણ છે. સુધારેલા અંદાજો દર્શાવે છે કે નવા રેલવે ટ્રેક પાથરવા, ગેજ કન્વર્ઝન, રેલવે ટ્રેકને બમણા કરવા અને રેલવે માર્ગોના નવીનીકરણ માટેનો સંચિત ખર્ચ રૂ. ૯૫,૫૬૦.૫૭ કરોડ હતો. ચાલુ નાણાંકીય વર્ષમાં આ ચાર વસ્તુઓ હેઠળ કુલ ફાળવણી ઘટીને રૂ. ૮૬,૨૮૬.૪૨ કરોડ થઈ છે.રેલવે કોચ અને ઈલેક્ટ્રિફિકેશન સ્કીમ પર ફાળવણીમાં થોડો ઘટાડો કરવામાં આવ્યો છે.

## આજથી બે દિવસ જામનગર મહાનગર પાલિકાનો સેવાસેતુ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના નાગરિકોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ તેમજ સરકારી સેવાઓનો લાભ એક જ સ્થળેથી સુગમતાથી મળી રહે તેવા હેતુથી જામનગર મહાનગરપાલિકા દ્વારા બે દિવસીય વોર્ડવાર 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 'વિકસિત ભારત-૨૦૪૭'ના લક્ષ્યાંકોને સાકાર કરવાના અભિગમ સાથે આયોજિત આ કાર્યક્રમ અંતર્ગત શહેરીજનોને પોતાના ઘરઆંગણે જ તમામ સરકારી વિભાગોની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ કાર્યક્રમના સમયપત્રક મુજબ, આજે તા. ૨૫ સપ્ટેમ્બરે વોર્ડ નં. ૫ થી ૮ માટે મેહુલ સિનેમા સામે આવેલા સિવિક સેન્ટર ખાતે તથા વોર્ડ નં. ૧૩ થી ૧૬ માટે સરદાર પટેલ અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે સેવાસેતુ કેમ્પ યોજાશે. જ્યારે આવતીકાલે તા. ૨૬ સપ્ટેમ્બરે વોર્ડ નં. ૯ થી ૧૨ માટે એમ.પી. શાહ મ્યુનિસિપલ ટાઉનહોલ ખાતે અને વોર્ડ નં. ૧ થી ૪ માટે વિશ્વકર્મા વાડી ખાતે આ કાર્યક્રમ યોજાશે. તમામ ચારેય સ્થળો પર સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી નાગરિકો સેવાઓનો લાભ લઈ શકશે.

આ સેવાસેતુ કેમ્પમાં આધારકાર્ડ, સમાજકલ્યાણ, મામલતદાર કચેરી, પુરવઠા વિભાગ, એસટી મુસાફરી પાસ, પીજીવીસીએલ, જનધન યોજના, પીએમ સ્વનિધિ, ઈન્ડિયા પોસ્ટ, મિલકતવેરો, વ્યવસાયવેરો, દુકાન લાયસન્સ તેમજ આયુષ્માન ભારત, આયુષ્માન વયવંદના, નમોશ્રી, જન્મ-મરણના દાખલા, લગ્ન નોંધણી, વ્હાલી દીકરી યોજના, દિવ્યાંગતા અને વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર સહિતની અનેકવિધ સેવાઓ સ્થળ પર પૂરી પાડવામાં આવશે. જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકોને પોતાના વોર્ડ મુજબ સંબંધિત સ્થળે ઉપસ્થિત રહી મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.


## બી ડિવિઝનના બે હેડ કોન્સ્ટેબલને એએસઆઈ તરીકે મળી બઢતી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ હર્ષદભાઈ એ. પરમાર તથા હેડ કોન્સ્ટેબલ ઓસમાણભાઈ એસ. સુમરાને આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (એએસઆઈ) તરીકે બઢતી મળતાં પોલીસ પરિવારમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ છે. બંને કર્મચારીઓને પ્રમોશન મળવાના શુભ પ્રસંગે સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એન.બી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પ્રમોશન પિપિંગ સેરેમનીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બંને અધિકારીઓને એએસઆઈ તરીકેના બેજ લગાવીને વિશેષ સન્માનિત કરાયા હતા. આ તકે ઉપસ્થિત તમામ પોલીસ અધિકારીઓ તથા સહકર્મીઓએ હર્ષદભાઈ પરમાર અને ઓસમાણભાઈ સુમરાને શુભેચ્છાઓ પાઠવી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.



# હાલારના હાલહવાલ



## દ્વારકામાં આવતીકાલે સરદાર પટેલ તેમજ વિઠલભાઈ રાદડિયાની પ્રતિમાનું અનાવરણ

### બપોરે ૨.30 કલાકે લેઉઆ પટેલ સમાજ ખાતે કાર્યક્રમઃ બપોરે ચાર વાગ્યે શોભાયાત્રા બાદ જગતમંદિરે ધ્વજારોહણ

**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં ગઇકાલે તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ અને સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ ટ્રસ્ટના સ્થાપક પ્રમુખ સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની પ્રતિમાનું ભવ્યાતિભવ્ય અનાવરણ કરવામાં આવ્યું હતું. લેઉઆ પટેલ સમાજ, દ્વારકા ખાતે બપોરે ૨:૩૦ કલાકે બંને મહાનુભાવોની પ્રતિમાનું




અનાવરણ સંપન્ન થયા બાદ બપોરે ૩:૩૦ કલાકે દ્વારકાધીશ ભગવાનની ધ્વજાજીનું વિધિવત્ પૂજન કરાયું હતું. ત્યારબાદ સાંજે ૪ વાગ્યે દ્વારકાના મુખ્ય રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રા નીકળી હતી, જે જગતમંદિર પહોંચી હતી જ્યાં દ્વારકાધીશજીના શિખર પર નૂતન ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને સામાજિક પ્રસંગે બહોળી સંખ્યામાં સમાજના આગેવાનો, કાર્યકરો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. આ સફળ આયોજન બાદ આજે તા. ૨૫ સપ્ટેમ્બરે સવારે ૧૧:૩૦ કલાકે ટ્રસ્ટીગણની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સમાજના અગ્રણી અને ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા સહિતના મુખ્ય આગેવાનો તથા તમામ ટ્રસ્ટીગણ ખાસ ઉપસ્થિત રહેશે. બેઠકમાં સંસ્થાની આગામી કામગીરી, વિવિધ યોજનાઓ અને ભવિષ્યના સામાજિક આયોજનો અંગે વિસ્તૃત સમીક્ષા તથા ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવશે.

## દ્વારકાના ૨૧ નિર્જન ટાપુ પર પ્રવેશબંધી

### સુરક્ષાને લઈને તંત્રનો નિર્ણય : ૨૦ નવે. સુધી પૂર્વ મંજુરી વિના પ્રવેશ નહિ, નરારા ટાપુને અપાઇ છુટ

**સમય સંદેશઃ દ્વારકા**

ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય સરહદને અડીને આવેલા દેવભૂમિ દ્વારકા જિલ્લાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા વહીવટી તંત્ર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લાના કુલ ૨૪ ટાપુઓ પૈકી ૨૨ નિર્જન ટાપુઓમાંથી ૨૧ નિર્જન ટાપુઓ પર સંબંધિત પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ ફટકારવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેર કરવામાં આવેલું આ જાહેરનામું તા. ૨૦ નવેમ્બર ૨૦૨૬ સુધી



અમલમાં રહેશે. નિર્જન ટાપુઓ પર આવેલા ધાર્મિક સ્થળોના કારણે અવારનવાર શ્રદ્ધાળુઓ અને દરિયાઈ ખેડૂતોની અવરજવર રહેતી હોય છે, પરંતુ આ સ્થળોનો ઉપયોગ દેશવિરોધી તત્વો કે અસામાજિક જૂથો દ્વારા હથિયાર અને નશાકારક પદાર્થો છુપાવવા કે આશ્રય મેળવવા માટે ન થાય તે હેતુથી આ સુરક્ષાત્મક કદમ ઉઠાવવામાં આવ્યું છે.

જાહેરનામા અનુસાર, ધાની (ડની), ગાંધીયોકડો, કાલુભાર, રોઝી, પાનેરો, ગડુ, સાનબેલી, ખીમરોઘાટ, આશાબાપીર, ભૈદર, ચાંક, ધબધબો, દીવડી, સામીયાણી, નોરૂ, માન મરૂડી, લેફા મરૂડી, લંધા મરૂડી, કોઠાનું જંગલ, ખારા મીઠા ચુષ્ણા અને કુડચલી મળીને આ ૨૧ ટાપુઓ પર પ્રવેશવા માટે સક્ષમ અધિકારીની લેખિત મંજૂરી મેળવવી ફરજિયાત રહેશે. જ્યારે ૨૨ નિર્જન ટાપુઓ પૈકી માત્ર 'નરારા ટાપુ'ને નિયત શરતોને આધીન પૂર્વ મંજૂરીમાંથી મુક્તિ આપવામાં આવી છે. સરહદી વિસ્તારમાં સુલેહ-શાંતિ, જનસલામતી અને રાષ્ટ્રીય સુરક્ષા જાળવી રાખવા માટે તંત્ર દ્વારા લેવાયેલા આ કડક નિર્ણયથી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર લગામ કસાશે.

## દ્વારકામાં કાશ્મીરી બાબાની ૮૨મી પુણ્યતિથિએ ભકિતરસ છવાયો

**સમય સંદેશઃ દ્વારકા**

અખંડ રામનામ સંકીર્તનની પવિત્ર પરંપરાના પ્રણેતા બ્રહ્મલીન સંત પ્રેમભિક્ષુજી મહારાજના પૂજ્ય ગુરુ કાશ્મીરી બાબાની ૮૨મી પુણ્યતિથિની ગઈકાલે દ્વારકા સ્થિત હરિનામ સંકીર્તન મંદિર (રામધૂન) ખાતે અત્યંત શ્રદ્ધા અને ભકિતભાવસભર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પવન પ્રસંગે મંદિર પરિસરમાં સવારથી જ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું હતું, જેમાં સવારે ૧૦:૩૦ કલાકે કાશ્મીરી બાબાની વિશેષ અભિષેક-પૂજન વિધિ સંપન્ન કરવામાં આવી હતી.



ત્યારબાદ બપોરે ૧૨:૦૦ વાગ્યે ઉત્સવ આરતી યોજાઈ હતી, જેમાં દ્વારકા શહેર અને આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં નામપ્રેમી ભકતોએ હાજરી આપીને ધન્યતા અનુભવી હતી. આરતી અને પૂજન દરમિયાન સમગ્ર મંદિર પરિસર 'શ્રી રામ જય રામ જય જય રામ'ના ગુંજારવથી ભક્તિમય બની ગયું હતું. આ ધાર્મિક મહોત્સવને સફળ બનાવવા માટે હરિનામ સંકીર્તન મંદિરના ટ્રસ્ટીઓ તેમજ સેવાભાવી કાર્યકરોએ વ્યવસ્થા ઉત્સાહપૂર્વક સંભાળી હતી.

## દ્વારકાના ટૂંપણી નજીક યુવાનને વિજ આંચકો લાગતા મોત

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા તાલુકાના ટૂંપણી ગામમાં રહેતા વિજયભાઈ રામાભાઈ મકવાણા સોમવારે એક આસામીની વાડીએ ખડ (નિંદામણ) કાઢવાની કામગીરી કરી રહ્યા હતા. દરમિયાન વીજપોલ નજીક રહેલા અર્થીંગ વાયરને તેઓ અડકી જતાં અચાનક વીજ કરંટ લાગ્યો હતો. ગંભીર હાલતમાં તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તપાસ કરતાં વિજયભાઈને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે મૃતકના ભાઈ કિશનભાઈ રામાભાઈ મકવાણાએ દ્વારકા પોલીસને જાણ કરી હતી. પોલીસે બનાવ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

## અનુસંધાન

### યુવતીનું મોત

(પાના નં. ૪ થી આગળ)

યુવતીના ભાઈ રવિ આંબલીયાની ફરિયાદ પરથી સ્વિફ્ટ કારના ચાલક સામે ઇગજ અને એમ.વી. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ યુ.કે. જાદવે હાથ ધરી છે. લગ્ન પૂર્વે જ યુવતીના મોતથી કેશોદ ગામ સહિત પરિપુરમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.

### સિક્કામાં ફ્રી ટીકટોક

(પાના નં. ૪ થી આગળ)

રૂ. ૧.૯૦ લાખની રકમ ચેક મારફતે ઉપાડી લીધી હતી. આ બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે અને નાગરિકોને સોશિયલ મીડિયા પર આવતી અજાણી લિંક્સ કે સોફ્ટવેર ડાઉનલોડ ન કરવા અપીલ કરી છે.

### જામનગરમાં સેફ ડ્રાઈવીંગ

(પાના નં. ૪ થી આગળ)

દ્વારા આયોજિત આ જનજાગૃતિ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવાનો અને શહેરીજનોમાં સુરક્ષિત મુસાફરી પ્રત્યે જવાબદારીની ભાવના કેળવવાનો રહ્યો હતો, જેને સ્થાનિકો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

### સ્પીડ બ્રેકર તોડી

(પાના નં. ૪ થી આગળ)

શાખાનો ટેકનિકલ અભિપ્રાય મેળવ્યા બાદ સ્પીડ બ્રેકરો નિયમ વિરુદ્ધના હોવાનું સ્પષ્ટ થતાં એસ્ટેટ શાખાની ટીમે ગઈકાલે ગીતાંજલિ પાર્કની ચારેય શેરીઓમાં જેસીબી સાથે દરોડો પાડી તમામ ૧૫ થી ૧૬ અનધિકૃત સ્પીડ બ્રેકરો જમીનદોસ્ત કરી દીધા હતા. તંત્રની આ કામગીરીથી રસ્તાઓ સુગમ બનતાં વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે. એસ્ટેટ શાખાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જાહેર રસ્તાઓ પર સ્વેચ્છાએ અને મંજૂરી વિના આ પ્રકારના દબાણો કે બાંધકામો કરનારાઓ સામે આગામી દિવસોમાં પણ કડક ઝુંબેશ ચાલુ રખાશે.

### વોર્ડ નં.૯ અને ૧૩

(પાના નં. ૪ થી આગળ)

૧૩ના કોર્પોરેટર અમર કનખરાએ પણ અધિકારીઓને રૂબરૂ મળીને વિસ્તારની ગલીઓમાં રખડતા પશુઓના ત્રાસ તેમજ મંદિર પાસે થતી ગંદકી અંગે રજૂઆત કરી સત્વરે પગલાં ભરવા માગ કરી હતી. તંત્રની આ આકરી કાર્યવાહીથી ગંદકી અને અડચણરૂપ દબાણ કરતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

### સફાઈ કામદારોના

(પાના નં. ૪ થી આગળ)

રિપોર્ટ ભરવામાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો પણ ગંભીર આક્ષેપ નોટીસમાં કરાયો છે. ખાલી જગ્યાઓ સામે યોગ્ય તપાસ કરીને સીસીટીવી ફુટેજ તથા યોગ્ય ચકાસણી બાદ લાયક અને યોગ્ય સફાઈ કામદારોને કાયમી ઓર્ડર આપી ન્યાય આપવા યુનિયનના પ્રદેશ ઉપાધ્યક્ષ અમિત પરમાર તથા શહેર પ્રમુખ મહેશ બાબરીયા દ્વારા માંગ કરવામાં આવી છે.

### શિક્ષકોના પડતર

(પાના નં. ૩ થી આગળ)

શૈક્ષણિક સમય સિવાય ગોઠવવું તેમજ બાલવાટિકા માટે અલગ શિક્ષકની નિમણૂક કરવી. બેઠક દરમિયાન તંત્ર દ્વારા જણાવાયું હતું કે કેટલાક પ્રશ્નો નીતિગત અને નાણા વિભાગના પરામર્શ હેઠળ છે, જ્યારે અન્ય બાબતો પર જરૂરી કાર્યવાહી ચાલી રહી છે. આ બેઠકમાં મહામંત્રી હરગોવન દેસાઈ, ઉપપ્રમુખ રણજીતસિંહ ગોવાળિયા, મંત્રી રજનીકાંત સોલંકી, ટ્રેઝરર અશોક રાવત સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### નવુ મહેકમ મંજૂર

(પાના નં. ૩ થી આગળ)

આ ઉપરાંત આઉટસોર્સિંગથી પટાવાળાની ૧, કેટલ રેસ્ક્યુ ઓપરેટરની ૧૨ અને સિક્યુરિટી સ્ટાફની ૧૪ જગ્યાઓ ઊભી કરવામાં આવશે. મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા આ મહત્વપૂર્ણ નિર્ણયથી શહેરમાં રખડતા પશુઓની સમસ્યા પર કાબૂ મેળવવા અને ઢોર નિયંત્રણની કામગીરીને વધુ ઝડપી તથા અસરકારક બનાવવામાં મોટો ટેકો મળશે.

### જામનગરના સચાણા

(પાના નં. ૩ થી આગળ)

પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી ગામમાં અનિચ્છનીય બનાવ ન બને તે માટે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે. આ બનાવ અંગે પોલીસે બંને પક્ષોની ફરિયાદો નોંધવાની તજવીજ હાથ ધરી છે અને ધમાલ મચાવનાર તથા હુમલામાં સામેલ શખ્સોને રાઉન્ડઅપ કરવા માટે અલગ-અલગ ટીમ બનાવીને વધુ તપાસ શરુ કરી છે, વધુ વિગતો મેળવાઈ રહી છે.

### ૧૧ કાચબાના મોત

(પાના નં. ૧ થી આગળ)

માછલીઓના મોત થવાના બનાવો બની ચૂક્યા છે, છતાં મનપા તંત્ર દ્વારા કોઈ બોધપાઠ લેવામાં ન આવતાં જીવદયાપ્રેમીઓ અને નાગરિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. સમયસર જાણ કરી હોત તો પીએમ દ્વારા મોતનું સાચું કારણ જાણી શકાયું હોત, પરંતુ મનપાની લાલિયાવાડીને કારણે આ રહસ્ય અકબંધ રહ્યું છે. બીજી તરફ, પર્યાવરણ અને જળચર જીવોના રક્ષણ માટે કામ કરતી સ્થાનિક સંસ્થાઓનું આ ગંભીર મુદ્દે મૌન પણ ચર્ચાસ્પદ અને ટીકાપાત્ર બન્યું છે.

### બંગાળની ખાડી

(પાના નં. ૧ થી આગળ)

છે, જેમાં લખનઉ, ગોંડા, મહારાજગંજ, ઉન્નાવ અને પ્રયાગરાજમાં વરસાદ પડ્યો છે. ગોંડામાં ભારે વરસાદને કારણે ધોરણ ૧ થી ૮ સુધીની શાળાઓ બંધ રાખવાના આદેશ અપાયા છે, જ્યારે ઉત્તરાખંડ અને હિમાચલમાં પણ આગામી દિવસોમાં વરસાદની ક્ષમતા દર્શાવવામાં આવી છે.

### દીપકે અને રાહુલ

(પાના નં. ૧ થી આગળ)

જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ પત્રકાર પરિષદ યોજીને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર પર ગંભીર આરોપો લગાવ્યા હતા. દીપકેએ જણાવ્યું હતું કે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વિપક્ષ અને NDA વચ્ચે માત્ર બે ટકાનું માર્જિન હતું, ત્યારે દેશભરમાંથી ૧૩ કરોડથી વધુ (લગભગ ૧૩ થી ૧૪ ટકા) મતો ડિલીટ કરી દેવાયા છે. તેમણે જ્ઞાનેશ કુમારને લોકશાહી માટે ખતરો ગણાવીને તાત્કાલિક રાજીનામું આપવા ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપ્યું છે અને ચેતવણી આપી છે કે જો રાજીનામું નહીં અપાય તો 'જંતર-મંતર ૨.૦' આંદોલન શરૂ કરવામાં આવશે.

બીજી તરફ, કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ નવી દિલ્હી ખાતે યોજેલી પત્રકાર પરિષદમાં કેન્દ્ર સરકાર, ભાજપ અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે દેશમાં એન્ટી-ઇન્કમ્બન્સી ગાયબ કરીને વોટર લિસ્ટ અને EVM દ્વારા વ્યવસ્થિત રીતે મતોની ચોરી કરવામાં આવી રહી છે, જે બંધારણીય માળખા પર સીધો હુમલો છે.

તેમણે જણાવ્યું કે ચૂંટણી પંચના બે કમિશનરોએ જ ૧૦ મહિનામાં ૧૪ વખત નિર્ણયો સામે વાંધો નોંધાવીને આ ગરબડની પુષ્ટિ કરી છે. રાહુલે આરોપ લગાવ્યો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહના દબાણ હેઠળ CECની નિમણૂક કરાઈ હતી અને હવે તેઓ જ કમિશનરને બચાવી રહ્યા છે. તેમણે જ્ઞાનેશ કુમાર પાસે તાત્કાલિક રાજીનામાની અને આ ગરબડમાં 'સરકારી સાક્ષી' (અપ્રૂવર) બનવાની માગ કરી હતી, તથા ઉમેર્યું હતું કે આગામી ૬ મહિનામાં વોટ ચોરીના તમામ પુરાવા દેશ સમક્ષ બ્લેક એન્ડ વ્હાઇટમાં આવી જશે.

### સાઉદી અરેબિયા

(પાના નં. ૧ થી આગળ)

શાંતિ જાળવવા અને ઈમારતોની અંદર સુરક્ષિત સ્થાને રહેવા વિનંતી કરી છે. નાગરિકોને કાચની બારીઓ, બાલ્કનીઓ, છત તથા ખુલ્લા વિસ્તારોથી દૂર રહેવા અને ઈમરજન્સી સ્થિતિ ટળે નહીં ત્યાં સુધી બહાર ન નીકળવા સલાહ આપવામાં આવી છે. આ ઉપરાંત, રસ્તા પર વાહન ચલાવતા લોકોને પુલ કે ઊંચી ઈમારતોથી દૂર સુરક્ષિત જગ્યાએ આશ્રય લેવા જણાવાયું છે. કટોકટીના સમયે મક્કા, મદીના અને રિયાધમાં '૯૧૧' અને અન્ય પ્રાંતોમાં '૯૯૮' ઈમરજન્સી નંબર પર સંપર્ક કરવા અને માત્ર સત્તાવાર સ્ત્રોતો પર વિશ્વાસ કરવા અપીલ કરાઈ છે.

## ભાણવડમાં ઘરેલુ ગેસ સીલીન્ડરમાંથી ગેસ રીરીફીલિંગ કરતા બે પકડાયાઃ ૪ સીલીન્ડર જપ્ત



**સમય સંદેશઃ ભાણવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ પંથકમાં એસ.ઓ.જી. પોલીસે દરોડો પાડીને રાંધણ ગેસના બાટલામાંથી અનધિકૃત રીતે ગેસ રિફિલિંગ કરી વેચાણ કરતા એક વેપારી શખ્સને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચનાથી એસ.ઓ.જી. પી.આઈ. વી.એ. રાણા તથા પી.એસ.આઈ. વી.એન. સિંગરખીયાના માર્ગદર્શન હેઠળ ગઈકાલે બુધવારે હાથ ધરાયેલા પેટ્રોલિંગ દરમિયાન એ.એસ.આઈ. કાનાભાઈ માડમ અને સુમાતભાઈ ભાટિયાને ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે ભાણવડના દરિયા સ્થાન ચોક વિસ્તારમાં રહેતા અને પાન-મસાલાની દુકાન ધરાવતા બટુકભાઈ જમનાદાસ ઠકરાર (ઉ.વ. ૫૧)ના મકાન પર દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આ શખ્સ પોતાના મકાનના ખુલ્લા ફળિયામાં જ જોખમી રીતે ગેસના ભરેલા બાટલામાંથી ખાલી બાટલામાં ગેરકાયદેસર રિફિલિંગ કરી તેનું વેચાણ કરતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી જુદા જુદા ચાર ગેસ સિલિન્ડર તેમજ રિફિલિંગ માટે ઉપયોગમાં લેવાતો સામાન મળી કુલ રૂ. ૧૭,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગે આરોપી બટુક ઠકરાર વિરુદ્ધ ઇગજની કલમ ૨૮૭ તથા વિસ્ફોટક અધિનિયમની વિવિધ કલમો હેઠળ ભાણવડ પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં નવીનિકરણ બાદ જિલ્લા સરકારી પુસ્તકાલય ૧૬ કલાક માટે કાર્યરત



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં તળાવની પાળે ભુજીયા કોઠા સામે અને બાલા હનુમાન મંદિર નજીક વર્ષ ૧૯૬૩થી કાર્યરત સરકારી જિલ્લા પુસ્તકાલયનો રૂ. ૮૨ લાખના ખર્ચે કાયાકલ્પ કરવામાં આવ્યો છે. નવીનીકરણ બાદ આ પુસ્તકાલય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાઓ માટે સવારે ૮ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી સતત ૧૬ કલાક ચાલતી આધુનિક પાઠશાળામાં પરિવર્તિત થઈ ગયું છે. હાલ અહીં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૧૨૫ વિદ્યાર્થીનીઓ માટે સ્વયં શિસ્ત સાથે બેસીને વાંચી શકે તેવા કમ્પાઉન્ડ સેપરેટ રીડીંગ રૂમ તૈયાર કરાયા છે. આ ઉપરાંત સિનિયર સીટીઝન રીડીંગરૂમ, ૩ કોમ્પ્યુટર ધરાવતી ઈ-લાઈબ્રેરી, અખબાર વિભાગ, ૫૮ થી વધુ મેગેઝિન ધરાવતો વિભાગ તેમજ પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન માટે ૮૪ ઈંચના ટીવી સાથેનો ઓડિયો-વિઝ્યુઅલ કોન્ફરન્સ રૂમ પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. લાઈબ્રેરીમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી મળીને કુલ ૫૫,૫૬૦થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે, જેનો ૧૧,૦૦૫ સક્રિય સભ્યો લાભ લઈ રહ્યા છે. યુવા વર્ગની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આ લાઈબ્રેરીમાં ટૂંક સમયમાં જ અનલિમિટેડ ફ્રી વાઈ-ફાઈ સુવિધા શરૂ કરવામાં આવશે. એટલું જ નહીં, આવતા વર્ષે અહીં વધુ વિશાળ અને સાઉન્ડ પ્રૂફ બે માળના નવા રીડીંગ હોલનું નિર્માણ કરવાનું આયોજન છે, જેમાં ૨૫૦ બોયઝ અને ૨૫૦ ગર્લ્સ ઈન્ટરનેટ સુવિધા સાથે એકસાથે શાંત વાતાવરણમાં પરીક્ષાની તૈયારી કરી શકશે. સરકારી લાઈબ્રેરીના આ હાઇટેક પલટાથી જામનગરના વિદ્યાર્થી આલમ અને વાચકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# શિક્ષકોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે શિક્ષણમંત્રી અને સચિવ સમક્ષ ૨૯ પ્રશ્નોની કરાઇ રજૂઆત

**સમય સંદેશઃ જામનગર**




ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ ચંદ્રકાંત ખાખરીયાની આગેવાની હેઠળ સંઘના આગેવાનોની શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શિક્ષણ વિભાગના સચિવ મિલિંદ તોરવણે, પ્રાથમિક શિક્ષણ નિયામક ત્રિવેદી તેમજ એસએસએ અને જીસીઈઆરટીના ઉચ્ચ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન નગર પ્રાથમિક શિક્ષકો અને શૈક્ષણિક વ્યવસ્થાને લગતા લાંબા સમયથી પડતર એવા ૨૯ જેટલા પ્રશ્નો અંગે વિસ્તૃત રજૂઆતો અને સમીક્ષા કરવામાં આવી હતી.

સંઘ દ્વારા રજૂ કરાયેલા મુખ્ય મુદ્દાઓમાં શિક્ષકોને જૂથ વીમા યોજનાનો લાભ આપવા, પેન્શન પ્રક્રિયા એક જ સ્થળેથી કરવા, PPAN/CPF ની વિસંગતતા દૂર કરવા, NPS ફેમિલી પેન્શન, PMJAY નો લાભ, ફિક્સ પગારની સેવા ગ્રેચ્યુઈટીમાં ગણવા, HRA/CLA તથા કેન્દ્રના ધોરણે HRA આપવા અને મહાનગરપાલિકાના શિક્ષકો માટે ૧૦૦% ગ્રાન્ટ ફાળવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત HTAT બઢતી, શાળા સહાયક તથા વ્યાયામ શિક્ષકોની સત્વરે ભરતી કરવા, CET અને જ્ઞાન સાધના શિષ્યવૃત્તિમાં સમાનતા લાવવા, શાસનાધિકારીઓ તથા DEOની ખાલી જગ્યાઓ ભરવા અને ગુણોત્સવના મૂલ્યાંકન માળખામાં સુધારા કરવા જેવી બાબતો પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો.

શિક્ષણ કાર્યને વિક્ષેપ વિના સુચારૂ બનાવવા સંઘ દ્વારા માંગ કરાઈ હતી કે શિક્ષણ વિભાગની મંજૂરી વિના શિક્ષકો-વિદ્યાર્થીઓને અન્ય કાર્યક્રમોમાં ન જોડવા, એક જ પોર્ટલથી તમામ માહિતી મેળવવી, તાલીમોનું આયોજન

અનુ પાના નં.૨ પર

# જામનગર મનપાની શિક્ષણ સમિતિની ચૂંટણી બિનહરીફ થવાના એંધાણઃ તમામ ૧૨ બેઠકો પર માત્ર ભાજપના ગ્રેજ્યુએટ ઉમેદવારો ફોર્મ ભરશે

## ગ્રેજ્યુએટ ઉમેદવારોની પસંદગી સામે ભાજપના કાર્યકરોમાં ગણગણાટ અને નારાજગીઃ મોવડી મંડળે કડક શબ્દોમાં સમજાવતા આખરે મામલો થાળે પડ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા હસ્તકની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની ૧૨ બેઠકો માટે આગામી ૯ ઓક્ટોબરે યોજાનારી ચૂંટણીમાં તમામ ૧૨ બેઠકો પર માત્ર ભાજપના ઉમેદવારોએ જ ઉમેદવારી નોંધાવી છે. શિક્ષણ સમિતિની આ ચૂંટણીમાં કોર્પોરેટરો મતદાર હોય છે, જેમાં મહાનગરપાલિકામાં વિપક્ષ પાસે કોંગ્રેસની ૨ અને 'આપ'ની ૨ બેઠકો જ હોવાથી વિપક્ષી જૂથ દ્વારા કોઈ જ ઉમેદવારી કરવામાં આવી નથી. જેથી આગામી તા. ૨૫મીએ ફોર્મ ચકાસણી અને ત્યારબાદ ફોર્મ ખેંચવાની મુદત પૂરી થયા પછી તા. ૨ ઓક્ટોબરના રોજ તમામ ૧૨ ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવશે.

પ્રદેશ ભાજપની સૂચના મુજબ આ વખતે શિક્ષણ સમિતિમાં માત્ર ગ્રેજ્યુએટ થયેલા કાર્યકરોને જ મેદાનમાં ઉતારવાનો નિર્ણય લેવાયો હતો. જે અંતર્ગત ત્રણ વકીલો, એક એન્જિનિયર સહિત અન્ય ગ્રેજ્યુએટ ઉમેદવારો જેવા કે માધવીબેન દેશાતર, રિદ્ધિબેન ડાભી, હિરેનભાઈ અકબારી, જયભાઈ કડીવાર, નરભેરામ કા, દુષ્યંત સોલંકી, નિતિનભાઈ લાણી, હેમલભાઈ ચોટાઈ, ઈશુભાઈ નંદા, બકુલભાઈ ડાભી, ધારાબેન ભટ્ટ તથા રાહુલભાઈ વાણાએ ફોર્મ ભર્યા છે. આ સાથે જ શિક્ષણ સમિતિમાં પ્રથમ વખત તમામ સભ્યો ગ્રેજ્યુએટ આવશે.

જોકે, માત્ર ગ્રેજ્યુએટ કાર્યકરોને જ પસંદ કરવામાં આવતાં વર્ષોથી પક્ષ માટે નિષ્ઠાપૂર્વક કામ કરતા સિનિયર કાર્યકરો અને અમુક વોર્ડ પ્રમુખોમાં ભારે અસંતોષની લાગણી ફેલાઈ હતી. પક્ષ માટે કરેલી કામગીરીને ધ્યાને લેવાની માંગ સાથે કેટલાક વોર્ડ પ્રમુખો અને કાર્યકરોએ રાજીનામા આપવાની તૈયારી સાથે શહેર ભાજપ કાર્યાલયે પહોંચી ઉગ્ર રજૂઆત કરી હતી. પરંતુ ભાજપની નેતાગીરીએ અને શહેર પ્રમુખે કડક શબ્દોમાં રાજકીય સમજણ આપતાં આખરે મામલો થાળે પડ્યો હતો. બિનહરીફની જાહેરાત બાદ રાજ્યના ગેઝેટ વિભાગ દ્વારા નામો મંજૂર થઈ આવ્યા પછી મેયર દ્વારા ચેરમેનની ચૂંટણી યોજવામાં આવશે.

# ચોટીલા તાલુકા નાનવાગામની સીમ પાસે મામા સાહેબના મંદિર પાસેથી અફીણ સહિત ૪ લાખથી વધુના મુદામાલ સાથે એક વ્યક્તિને ઝડપી લેવાયો

**સમય સંદેશઃ વિસાવદર**
**(હરેશ મહેતા દ્વારા)**

ચોટીલાથી થાનજવાનાં રસ્તા ઉપર નવાગામ જવાનાંરસ્તા ઉપરઆવેલ મામાંસાહેબ ના મંદિરપાસેથી ગેરકાયદેસર અફીણ ૯/૪૦ગ્રામ તેમજ મોબાઈલ હોન્ડા મોટરસાયકલ સહિત રૂપિયા ૪લાખ સીતેરહજાર ના મુદામાલ સાથે રાજુપુના પરમાર થાનગઢ વાળાને પકડીપાડતી રાજકોટજોન સીઆઇડી નાર્કોટીક્સટાસ્ક્ફોસસ(અ.ગ.ઝ.ૠ) સી.આઈ.ડી. ક્રાઇમ જુનાગઢ વિંગ રાજકોટ ઝોનની, સફળ કર્યાવાહી માનનીય પોલીસ અધિક્ષક શ્રી લોર્કેશ યાદ સાહેબનીસૂચના અને નાઓના માર્ગદર્શન હેઠળ એન.ડી.પી.એસ. એકટ હેઠળ અસરકારકકામગીરી કરવા સુચના કરેલ હોય જેથી ઇન્સ્પેક્ટર આર.જી.બારોટ સાહેબનાઓનાસીધામાર્ગદર્શન હેઠળ અગઝૠરાજકોટ જોનના અ.હે.કોં.આલાભાઈસવસી ભાઈનાઓનીબાતમીહકીકત આધારે આજરોજચોટીલા થી નવાગામજવાનાં રસ્તાઉપર આવેલમામાં સાહેબના મંદિર પાસેગેરકાયદેસર અફીણ તેમજ અન્ય મુદામાલ સહિતરાજુપુનાપરમાર એકઆરોપી નેપકડીપાડી




આરોપીવિરુદ્ધ NDPS Act 1985 ની ક્લમ ૮(સી), ૨૦(બી),(૨)(એ)મુજબ ગુનો દાખલકરી ધોરણસર કાર્યવાહી કરેલ માદકપદાર્થની સફળ રેડમાં કામગીરી કરનાર અધિકારી ઓપોઇન્સ આર જી બારોટ પોઇન્સ એમ એમ ચૌહાણ પોઇન્સ કે એમ મહેતા હેડકો આલાભાઈ સવસીભાઈ હેડકો ભૂમિકાબેન ધર્મેન્દ્રસિંહ પોકો અનિલગિરી દયાલગિરી સહિતનાઓ દ્વારાસફળ કામગીરી કરેલ.

# મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયતના સુકાની મહિલા હોવા છતા ઘોડીયા ઘરનો અભાવ

## બંન્ને સંસ્થામાં ફરજ બજાવતા મહિલા કર્મચારીઓના નાની વયના બાળકો માટે ઘોડીયા ઘરની સુવિધા હોવી જરૂરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા પંચાયત અને જામનગર મહાનગરપાલિકા બંને સરકારી સંસ્થાઓમાં ટોચના પદો પર મહિલાઓ બિરાજમાન હોવા છતાં, ત્યાં ફરજ બજાવતી મહિલા કર્મચારીઓના નાના બાળકો માટે ઘોડિયાઘર (ક્રેશ) ની કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાનો મુદ્દો ઘેરા ઘેરાવો બની રહ્યો છે. હાલ જિલ્લા પંચાયતમાં પ્રમુખ અને ડીડીઓ તરીકે મહિલાઓ કાર્યરત છે, જ્યારે મહાનગરપાલિકામાં પણ મેયર પદે મહિલા બિરાજમાન છે. આ સંસ્થાઓમાં મોટી સંખ્યામાં મહિલા કર્મચારીઓ ફરજ બજાવે છે, જેમાંથી અનેક માતાઓને પોતાના માસૂમ ભૂલકાંઓને ઘરે મૂકીને નાછૂટકે નોકરી પર આવવું પડે છે.

નાના બાળકોને તેમની માતાનો સ્નેહ અને સંભાળ સતત મળતી રહે તે માટે કાર્યાલય પરિસરમાં જ ઘોડિયાઘરની સુવિધા હોવી અત્યંત આવશ્યક અને અનિવાર્ય છે. ખાસ કરીને જ્યારે બાળક બીમાર હોય કે તેને માતાની વિશેષ જરૂરિયાત હોય ત્યારે આવી સુવિધા મહિલા કર્મચારીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ શકે તેમ છે. એક મહિલા હોવાના નાતે મહિલા અધિકારીઓ અને પદાધિકારીઓ અન્ય મહિલા કર્મચારીઓની આ વેદના અને વ્યાવહારિક સમસ્યાને વધુ સારી રીતે સમજી શકે તેમ છે, તેમ છતાં બંને મહત્ત્વની કચેરીઓમાં ઘોડિયાઘરનો અભાવ હોવાથી મહિલા કર્મચારીઓમાં ભારે નિરાશા જોવા મળી રહી છે.

આ સ્થિતિને ધ્યાનમાં રાખીને જામનગર જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકા બંને સ્થળે તાત્કાલિક ધોરણે સુસજ્જ ઘોડિયાઘર કાર્યરત કરવામાં આવે તેવી પ્રબળ માંગણી મહિલા કર્મચારીઓમાંથી ઉઠી રહી છે. માતૃત્વની જાળવણી અને નાના બાળકોના ઉછેરને ધ્યાનમાં રાખીને મહિલા પ્રમુખ અને મહિલા મેયર આ અંગે ક્યારે સંવેદનશીલ નિર્ણય લઈને ઘોડિયાઘરની સુવિધા શરૂ કરાવે છે તેના પર હવે સૌની નજર મંડાયેલી છે.

# મહાનગરપાલિકાના સીએનસીડી વિભાગ માટે નવુ મહેકમ મંજૂર

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં રખડતા ઢોર અને પશુ નિવારણની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી જામનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં કેટલ ન્યુસન્સ કંટ્રોલ ડીપાર્ટમેન્ટમાટે નવી જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે. વર્તમાન સમયમાં સીએનસીડી વિભાગમાં વેટરનરી એનિમલ ઓફિસર, સુપરવાઈઝર, લાઈવ સ્ટોક ઈન્સપેક્ટર, સેનેટરી ઈન્સપેક્ટર અને આઉટસોર્સિંગ કર્મીઓ મળીને કુલ ૩૪૩ જગ્યાઓ મંજૂર થયેલી છે અને કાર્યરત છે. જેમાં હવે નવી ૫૧ જગ્યાઓ ઊભી કરવાના નિર્ણયને બહાલી આપવામાં આવી છે, જેથી આગામી ટૂંક સમયમાં જ સીએનસીડી વિભાગનું કુલ મહેકમ ૩૯૪ના સંખ્યાબળ પર પહોંચી જશે. સામાન્ય સભામાં મંજૂર કરાયેલી નવી ૫૧ જગ્યાઓમાં વેટરનરી ઓફિસરની ૧, લાઈવ સ્ટોક ઈન્સપેક્ટરની ૭, સેનેટરી ઈન્સપેક્ટરની ૨, સબ ઈન્સપેક્ટરની ૨, કેટલ ઈન્સપેક્ટરની ૧૨ જગ્યાઓ સહિત સીનિયર કલાર્ક અને જુનિયર કલાર્કનો સમાવેશ થાય છે.

અનુ પાના નં.૨ પર

# દ્વારકા અને જામનગર જિલ્લામાં પોલીસના દરોડાઃ જુગાર રમતા ૧૬ શખ્સો ઝડપાયા

## કુરંગાની વાડીમાં ચાલતા અખાડા પર LCBનો દરોડો, ભાટિયા અને સીદસરમાં પણ જુગારીઓ ઝબ્બેઃ રોકડ, કાર તથા મોબાઈલ મળી લાખોનો મુદ્દામાલ કબજે

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકા અને જામનગર જિલ્લામાં પોલીસે જુગાર ધામો પર કડક કાર્યવાહી હાથ ધરીને કુલ ૧૬ શખ્સોને રોકડ રકમ તેમજ અન્ય સામગ્રી સાથે ઝડપી પાડ્યા છે. દ્વારકા તાલુકાના કુરંગા ગામના વાડી વિસ્તારમાં જોધા લુણા દ્વારા પોતાના આર્થિક ફાયદા માટે ચલાવવામાં આવતા જુગારના અખાડા પર એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી જોધા લુણા, સુભાષ પિઠીયા, જીવા ઉર્ફે જીલો મુન, ખીમા વારસાકીયા, હમીર ઉર્ફે હમલો ચાવડા, બાબુ ઉર્ફે કાનો ગુર્જ્જર અને દેશુર ચાવડા નામના સાત શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. ૫૪,૪૦૦ની રોકડ, ૬ નંગ મોબાઈલ અને રૂ. દોઢ લાખની કિંમતની સ્વિફ્ટ કાર મળીને કુલ રૂ. ૨,૨૫,૪૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી તરફ, કલ્યાણપુર પોલીસે ભાટિયા ગામના શંકર ટેકરી વિસ્તારમાં આવેલા ચોકમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા નાથા ફફલ, જયદાન ઉર્ફે જગુ વરમલ, ભરત ગોંડલીયા, રમેશ કારીયા અને હમીર ધમા નામના પાંચ શખ્સોને રૂ. ૬,૨૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. આ ઉપરાંત, જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સીદસર ગામે પોલીસે જાહેરમાં જુગાર રમી રહેલા સુનીલભાઇ સોલંકી, રમણીકભાઇ ઝીંઝુવાડીયા, ગોપાલભાઇ ઝીંઝુવાડીયા અને ભરતભાઇ ડાભી નામના ચાર શખ્સોને રૂ. ૧૦,૨૩૦ની રોકડ રકમ સાથે પકડી પાડ્યા હતા. આમ, પોલીસે તમામ સ્થળોએથી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરના સચાણામાં નજીવી બાબતે બે જૂથ વચ્ચે તીક્ષ્ણ હથિયારો વડે સશસ્ત્ર અથડામણઃ ગામમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકાયો



**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના દરિયાકાંઠાના વિસ્તારમાં આવેલા સચાણા ગામમાં નજીવી બાબતે બોલાચાલી બાદ બે જૂથો વચ્ચે અચાનક ઉગ્ર અથડામણ સર્જાઈ હતી. જૂની રકઝક અને બોલાચાલીનું મનદુઃખ રાખીને બંને પક્ષના લોકો સામસામે આવી જતાં મામલો બિચક્યો હતો. ઘર્ષણ દરમિયાન લાકડીઓ, પાઇપ અને તીક્ષ્ણ હથિયારો વડે સામસામે હુમલા કરવામાં આવતા વિસ્તારમાં અફરાતફરી અને તંગદિલીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં બંને પક્ષે કેટલાક લોકોને ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ પંચકોશી 'એ' ડિવિઝન પોલીસ તેમજ ઉચ્ચ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાંથી વીજચેકીંગ દરમ્યાન ૫૧ ટીમોએ દોઢ કરોડની વીજચોરી ઝડપી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં વિજ ચોરીના દૂષણને ડામવા માટે વિજ તંત્ર દ્વારા વધૂ એક વખત લાલ આંખ કરી શહેરના જુદા-જુદા વિસ્તારમાં તા. ૨૩ના રોજ વહેલી સવારથી જ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જુદી જુદી ટીમોએ સપાટો બોલાવી એક જ દિવસમાં અંદાજિત દોઢ કરોડ જેટલી જંગી પાવર ચોરી પકડી પાડતા વિજ ચોરોમાં સોંપો પડી ગયો હતો.

જામનગર વીજ તંત્રની કુલ ૫૧ ટીમો દ્વારા પોલીસ અને સુરક્ષા જવાનોને સાથે રાખી શહેરી વિસ્તારમાં ચેકિંગ ગેઈટ, તંબોલી માર્કેટ, નદીપાર રોડ, હાથ ધરાયું હતું. શહેરના નાગનાથ અંબાજી ચોક, પટેલ કોલોની સહિતના જુદા-જુદા વિસ્તારોને આવરી લઈ વીજ કનેક્શનોનું સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ વીજ તંત્રની ટીમોએ વિવિધ વિસ્તારોમાં ધામા નાખી રહેણાંક વિસ્તારમાં વીજ કનેક્શનોની ચકાસણી કરી હતી. મેગા ડ્રાઈવ દરમિયાન આશરે અંદાજિત ૭૫૦ જેટલા વીજ કનેક્શનોની તપાસ કરવામાં આવી હતી

# જામનગરમાં ૧૦ દિવસમાં ૩૮૬૭ ગણેશ મૂર્તિઓનું કુંડમાં વિસર્જન

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગણેશોત્સવ અંતર્ગત ગણેશ વિસર્જનનો દસમો દિવસ હતો. જામનગર મહાનગર પાલિકા દ્વારા ખંભાળિયા બાયપાસ તથા સરદાર રિવેરા ખાતે તૈયાર કરાયેલા બંને વિસર્જન કુંડમાં આજે વધુ ૯૩ ગણેશ મૂર્તિઓનું ભક્તિભાવપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું.


તસવીરઃ હિરેન ગાંધી

મહાનગરપાલિકાના આંકડા મુજબ આજે ખંભાળિયા બાયપાસ વિસર્જન કુંડમાં ૫૨ તથા સરદાર રિવેરા કુંડમાં ૪૧ મળી કુલ ૯૩ મૂર્તિઓનું વિસર્જન થયું હતું. આ સાથે દસ દિવસમાં ખંભાળિયા બાયપાસ કુંડમાં કુલ ૨૯૭૭ અને સરદાર રિવેરા કુંડમાં ૮૯૦ મળી બંને કુંડમાં કુલ ૩૮૬૭ ગણેશ મૂર્તિઓનું વિસર્જન થયું છે.

# સંભારણું : ૧૯૬૫માં પાકિસ્તાનના ૧૫૬ બોમ્બમારા વચ્ચે દ્વારકાનો ચમત્કારીક બચાવ

## રાત્રે ૧૧:૫૦ વાગ્યે સમુદ્ર માર્ગેથી હુમલો થયાનો ઉલ્લેખ: ૨૦ મીનીટમાં બોમ્બમારો છતાં દ્વારકાનગરીમાં એકપણ બોમ્બ ન ફૂટયો

**સમય સંદેશઃ દ્વારકા**



વર્ષ ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન યાત્રાધામ દ્વારકા નગરી પર પાકિસ્તાની નૌકાદળ દ્વારા કરવામાં આવેલા નિષ્ફળ બોમ્બમારાની ઐતિહાસિક ઘટનાને દ્વારકાવાસીઓ દ્વારા દર વર્ષે ભાદરવા સુદ બારસના પવિત્ર દિવસે 'વિરાટ વિજય દિવસ' તરીકે શ્રદ્ધા અને ગૌરવ સાથે ઉજવવામાં આવે છે. સપ્ટેમ્બર ૧૯૬૫માં રાત્રે આશરે ૧૧:૫૫ વાગ્યે પાકિસ્તાની યુદ્ધ જહાજોએ દરિયાઈ સીમા પરથી દ્વારકાને નિશાન બનાવીને ૨૦ મિનિટના ટૂંકા ગાળામાં ૧૫૬ જેટલા બોમ્બ ઝીંક્યા હતા. આ હુમલાનો મુખ્ય હેતુ દ્વારકાના ધાર્મિક અને વ્યૂહાત્મક સ્થળોને મોટું નુકસાન પહોંચાડવાનો હતો.

પરંતુ ભગવાન દ્વારકાધીશની અસીમ કૃપાથી દ્વારકા નગરીનો અદ્ભુત અને ચમત્કારિક બચાવ થયો હતો. હુમલા દરમિયાન દ્વારકા શહેરમાં એક પણ બોમ્બ ફૂટ્યો ન હતો અને મોટાભાગના બોમ્બ શહેરથી દૂર નિર્જન વિસ્તારોમાં જઈને પડ્યા હતા. વામન જયંતિના દિવસે બનેલી આ ઘટના પાછળ લોકમાન્યતા એવી પણ છે કે તે સમયે દરિયામાં ભારે ભરતી હોવાને કારણે પાકિસ્તાની નૌકાદળના નિશાના ચૂકી ગયા હતા. જેથી જગતમંદિર સહિત સમગ્ર દ્વારકા નગરી સંપૂર્ણપણે સુરક્ષિત રહી હતી.

આ ઐતિહાસિક હુમલાની સ્મૃતિરૂપે બોમ્બના અવશેષો આજે પણ દ્વારકાના કોલેજ રોડ પર આવેલી સંસ્કૃત એકેડેમીના મ્યુઝિયમમાં સુરક્ષિત રીતે સચવાયેલા છે, જે મુલાકાતીઓ



માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બને છે. પાકિસ્તાન સામેના આ પરોક્ષ વિજય અને દ્વારકાધીશની રક્ષાત્મક કૃપાનો આભાર વ્યક્ત કરવા માટે દર વર્ષે આ દિવસે 'વિરાટ વિજય દિવસ' ઉજવીને ૧૯૬૫ની ઘટનાને રાષ્ટ્રભાવના અને અસીમ આસ્થા સાથે યાદ કરવામાં આવે છે.

# જામનગરમાં ગણેશ આરતી જોવા બાલ્કનીમાં ટીંગાયેલ બાળકનું નીચે પટકાતા થયું મોત

## ગુલાબનગર વિસ્તારની ઘટનાથી છવાઇ ગમગીની: ધુંવાવના યુવકે લગ્ન અને આર્થિક બાબતથી કંટાળી કર્યો આપઘાત: પતિ સાથેની બોલાચાલી બાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર તેમજ જિલ્લાભરમાં અકાળે અને અકસ્માતે મોત નિપજવાના જુદા-જુદા છ કિસ્સાઓ પોલીસ ચોપડે નોંધાયા છે, જેના પગલે સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. માતા-પિતા માટે લાલબત્તી સમાન પ્રથમ કિસ્સામાં, શહેરના ગુલાબનગર વિસ્તારમાં આવેલ મોહનનગર આવાસના સાતમા માળે રહેતાં ધર્મેશભાઇ ચાવડાનો ૫ વર્ષનો પુત્ર રિયાંશ ઘરમાં સૂતો હતો ત્યારે તેની માતા પાર્કિંગમાં ગણેશજીના દર્શન કરવા ગઈ હતી. દરમિયાન આરતીનો અવાજ સાંભળીને જાગેલો માસૂમ બાળક હોલની બારી પાસે બે પ્લાસ્ટિકના ડબ્બા મૂકી નીચે ચાલી રહેલી આરતી જોવા જતાં અચાનક નીચે પટકાયો હતો. ગંભીર રીતે ઘવાયેલા બાળકને સારવાર અર્થે જી.જી. હોસ્પિટલ ખસેડાતાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

અન્ય એક કરુણ બનાવમાં, શહેરના સેનાનગર વિસ્તારમાં આશાપુરા દુકાન પાસે રહેતા કોમલબેન આકાશભાઈ કાલીરમણ (ઉ.વ.૨૬) નામના પરિણીતાએ ઘરમાં કચરા-પોતા કર્યા બાદ પતિ ભીના પોતા પર ચંપલ પહેરીને ચાલતાં દંપતી વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પતિ બપોરે જમ્યા વગર નોકરી પર જતાં રહ્યા હતા અને સાંજે પરત આવ્યા બાદ પણ વાતચીત ન કરતાં કોમલબેનને મનમાં લાગી આવ્યું હતું. આથી તેમણે ગત તા. ૨૧ સપ્ટેમ્બરની રાત્રે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ અંગે સીટી 'સી' ડિવિઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ ઉપરાંત, જામનગર નજીકના ધુંવાવ ગામે રહેતા જતીનભાઇ નરેન્દ્રભાઇ કણજારિયા (ઉ.વ.૨૮) નામના યુવાને લગ્ન ન થતાં હોવાથી અને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી મનમાં લાગી આવતાં ગત તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ ઝેરી દવા પીને જિંદગી ટૂંકાવી લીધી હતી. જ્યારે જોડિયા તાલુકાના કેશિયા ગામે રહેતાં રૂઘનાથભાઇ કુંવરજીભાઇ ગોધાણી (ઉ.વ.૬૭) નામના વૃદ્ધનું અગાઉ પેરાલીસીસનું ઓપરેશન થયું હોય, ગત તા. ૨૨ સપ્ટેમ્બરે અચાનક તબિયત લથડતાં ધ્રોલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

જિલ્લામાં નોંધાયેલા અન્ય બે બનાવોમાં, લાલપુરના કાનાલુસ ગામે રહેતા અજીતસિંહ ઉમેરસિંહ સોલંકી (ઉ.વ. ૫૪) ગત તા. ૨૦ સપ્ટેમ્બરે પોતાના ગોડાઉનમાં કડિયા કામ કરતી વખતે અચાનક તબિયત લથડતાં સારવાર દરમિયાન જી.જી. હોસ્પિટલમાં દમ તોડ્યો હતો. તેમજ જામનગરના શંકર ટેકરી વલ્લભનગર વાલ્મીકીવાસ ખાતે રહેતા ગીરધરભાઇ શંકરભાઇ વાઘેલા (ઉ.વ.૫૦) નામના આધેડની પણ ઘરમાં અચાનક તબિયત બગડ્યા બાદ હોસ્પિટલ લઈ જતાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ તમામ બનાવો અંગે સંબંધિત પોલીસ મથકોએ મોતની નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ખંભાળીયા નજીક બે મોટરકાર વચ્ચેની ટક્કરમાં યુવતીનું મોત: માતા-પિતાને ઈજા

## યુવતીના લગ્નની ખરીદી કરવા જતાં થયો કાળનો ભેટો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા નજીકના ભાણવડ હાઈવે માર્ગ પર ગત તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ બે મોટરકાર વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી કેશોદ ગામની યુવતીનું સારવાર દરમિયાન કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે તેના માતા-પિતા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ કરુણ બનાવની વિગત મુજબ, કેશોદ ગામે વાડી વિસ્તારમાં રહેતા રામદેભાઈ આંબલીયાની ૨૬ વર્ષીય પુત્રી ભાવનાબેનની સગાઈ થઈ ગઈ હોય, તેના લગ્નની ખરીદી કરવા માટે રામદેભાઈ, તેમના પત્ની હીરીબેન, પુત્રી ભાવનાબેન અને પુત્ર રવિ (ઉ.વ. ૨૩) પોતાની અલ્ટો કાર (GJ-37-B-2184) માં કેશોદથી ભાણવડ જઈ રહ્યા હતા. સવારે આશરે નવ વાગ્યાના સુમારે લલીયા ગામના પાટીયા નજીક સામેથી પૂરઝડપે આવી રહેલી સ્વિફ્ટ કાર (GJ-09-BP-7778) ના ચાલકે તેમની કારને ધડાકાભેર ટક્કર મારી હતી.

આ ગંભીર અકસ્માતમાં કાર ચાલક રવિને સામાન્ય ઈજા થતાં ખંભાળિયા સારવાર અપાઈ હતી, જ્યારે પિતા રામદેભાઈ અને માતા હીરીબેનને વધુ સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ગંભીર રીતે ઇજાગ્રસ્ત ભાવનાબેનને ખંભાળિયાની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં ગત મંગળવારે (તા. ૨૨) સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે ખંભાળિયા પોલીસે મૃતક

અનુ પાના નં.૨ પર

# સિક્કામાં ફ્રી ટીકટોક એપ્લીકેશનની લાલચમાં યુવકે ૫૦ હજાર ગુમાવ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના સિક્કા ગામમાં ફ્રી ટિકટોક એપ્લિકેશન ડાઉનલોડ કરવાની લાલચ એક યુવાનને ભારે પડી છે. સિક્કાના ગરીબ નવાઝ ચોક વિસ્તારમાં રહી ડ્રાઇવિંગ કામ કરતા ફારુખભાઇ જુનસભાઇ ચમડીયા નામના યુવાન ગત તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ ફેસબુક વાપરી રહ્યા હતા ત્યારે ફ્રી ટિકટોક ડાઉનલોડ કરવાની એક લિંક દેખાતાં તેમણે તેના પર ક્લિક કરી એપ ડાઉનલોડ કરી હતી. બીજે દિવસે તા. ૧૮ સપ્ટેમ્બરે વાડીનાર તરફ ડ્રાઇવિંગ કામે ગયેલા ફારુખભાઇએ બપોરે ગૂગલ-પે મારફતે રૂ. ૫૫નું પેમેન્ટ કર્યા બાદ તેમનો મોબાઇલ આપોઆપ અપડેટ થઈને રી-સ્ટાર્ટ થયો હતો. ત્યારબાદ બપોરે તેમના બેંક ખાતામાંથી રૂ. ૫૦,૦૦૦ ઉપડી ગયાનો મેસેજ આવતાં તેઓ ચોંકી ઊઠ્યા હતા. ટ્રાન્ઝેક્શન હિસ્ટ્રી ચેક કરતાં આ રકમ અજાણ્યા ફેડરલ બેંકના ખાતામાં ટ્રાન્સફર થઈ ગઈ હોવાનું માલૂમ પડ્યું હતું.

સાયબર ફ્રોડનો ભોગ બનેલા યુવાને તાત્કાલિક સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે સિક્કા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અજાણ્યા ઠગે છેતરપિંડીથી મેળવેલા રૂ. ૫૦ હજાર સહિત ખાતામાં રહેલી કુલ

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં સેફ ડ્રાઈવીંગના સંદેશ સાથે યોજાઈ વાહન રેલી યોજાઈ

## કલેક્ટર પરિમલ પંડ્યા, એસપી ડો. રવિ મોહન સૈની, ડીડીઓ સુ.શ્રી. નિશા, કમિશનર દીપેશ કેડિયા અને મેયર મોનિકાબેન વ્યાસ સહિતના આગેવાનોની ઉપસ્થિતિ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં જિલ્લા વહીવટી તંત્રના 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત માર્ગ સલામતી અંગે જનજાગૃતિ ફેલાવવાના હેતુથી ગઈકાલે ભવ્ય રોડ સેફ્ટી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં જામનગર જિલ્લા કલેક્ટર પરિમલ પંડ્યા, જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી નિશા, મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયા તથા મેયર મોનિકાબેન વ્યાસ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રેલી દરમિયાન શહેરના મુખ્ય માર્ગો પર સલામત વાહનચાલનનો સંદેશ પ્રસરાવીને વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું અક્ષરશઃ પાલન કરવા પ્રેરિત કરાયા હતા.

રેલીના માધ્યમથી નાગરિકોને વાહન ચલાવતી વખતે હેલ્મેટ અને સીટબેલ્ટનો ફરજિયાત ઉપયોગ કરવા, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવા તથા અન્ય વાહનચાલકોની સુરક્ષાને ધ્યાને રાખી જવાબદારીપૂર્વક ડ્રાઈવિંગ કરવા અપીલ કરવામાં આવી હતી. જિલ્લા વહીવટી તંત્ર

અનુ પાના નં.૨ પર

# વોર્ડ નં.૯-૧૩ અને ૧૬ના મુખ્ય વિસ્તારોમાં કમિશ્નરની ટીમ દ્વારા ચેકીંગ

## હવાઈ ચોક વિસ્તારમાં રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા અંગે કોર્પોરેટર અમર કનખરાએ પણ કરી રજૂઆત





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા જાળવવા માટે હજારો નોટિસો અને લાખો રૂપિયાનો દંડ ફટકારાયા છતાં જાહેરમાં ગંદકીની સ્થિતિ યથાવત રહેતાં તંત્ર આકરા મૂડમાં આવી ગયું છે. છેલ્લા બે મહિનામાં મનપા દ્વારા ખાણી-પીણીના વેપારીઓ, કોમર્શિયલ કોમ્પ્લેક્ષો અને ફેરિયાઓ મળીને ૪,૫૦૦થી વધુ નોટિસો આપવામાં આવી હતી. ઉપરાંત, ગંદકી ફેલાવતા ૬૦૦થી વધુ ધંધાર્થીઓ પાસેથી રૂ. ૮ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હોવા છતાં સ્થિતિ ન સુધરતાં ગત મંગળવારે (તા. ૨૨) મોડી રાત્રે મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડીઆ, ડેપ્યુટી કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા, આસિસ્ટન્ટ કમિશનર મુકેશ વરણવા સહિતની ટીમે વોર્ડ નંબર ૯ અને ૧૩ના ખાણી-પીણીના મુખ્ય હબ ગણાતા વિસ્તારોમાં નાઈટ સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ કાર્યવાહીના પગલે ગઈકાલે બુધવારે (તા. ૨૩) તંત્ર દ્વારા પંચેશ્વર ટાવર પાસે દુકાન બહાર કરાયેલા ગેરકાયદે ઓટલાનું ડિમોલિશન કરવામાં આવ્યું હતું. સાથે જ રણજીતસાગર રોડ પર રોડ પર દબાણ કરીને બેસતા ધંધાર્થીઓને તાત્કાલિક જગ્યા ખાલી કરવા ડેપ્યુટી કમિશનરે કડક તાકીદ કરી હતી. મોડી રાત્રે ૧૦ વાગ્યા પછી અધિકારીઓની ટીમે બેડી ગેટ, પંચેશ્વર ટાવર, ભંગાર બજાર, હવાઈ ચોક અને દિગ્વિજય પ્લોટ પોલીસ ચોકી વિસ્તારમાં પગપાળા ફરીને ટ્રાફિક અને સ્વચ્છતા મુદ્દે વેપારીઓને આખરી ચીમકી આપી હતી. તંત્રના આકરા વલણ અને મોડી રાત્રે ચેકિંગ ટીમો દોડતી થઈ હોવાના વાવડ મળતાં જ સતત ટ્રાફિક અને દબાણથી ઘેરાયેલો દિગ્વિજય પ્લોટ ચોકી સર્કલ વિસ્તાર આપોઆપ દબાણમુક્ત બની ગયો હતો. આ ઝુંબેશ દરમિયાન વોર્ડ નંબર

અનુ પાના નં.૨ પર

# ફરિયાદો ઉઠયા બાદ ગેરકાયદે બનેલા સ્પીડ બ્રેકર તોડી પડાયા

## ન્યૂ જામનગરની ગીતાંજલિ પાર્કની ચારેય શેરીઓમાંથી ૧૫થી ૧૬ અનધિકૃત સ્પીડ બ્રેકર દૂર કરાયા : મનપા ની એસ્ટેટ શાખામાં ફરિયાદો મળ્યા બાદ સિવિલ શાખાનો અભિપ્રાય મેળવી જેસીબીની મદદથી કાર્યવાહી: રસ્તાઓ ફરી સમથલ કરાયા







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં જાહેર રસ્તાઓ પર મંજૂરી મેળવ્યા વિના ગેરકાયદેસર રીતે ઉભા કરી દેવામાં આવેલા અને વાહનચાલકો માટે ભારે અકસ્માત સર્જી શકે તેવા સ્પીડ બ્રેકરો સામે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ન્યૂ જામનગર વિસ્તારમાં આવેલા ગીતાંજલિ પાર્કની જુદી જુદી ચાર શેરીઓમાંથી એકસાથે ૧૫ થી ૧૬ જેટલા ગેરકાયદેસર અને અનધિકૃત સ્પીડ બ્રેકરો જેસીબીની મદદથી તોડી પાડીને રસ્તાઓને ફરીથી સમતલ કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહી અંગે મળતી વિગતો અનુસાર, ગીતાંજલિ પાર્ક વિસ્તારમાં સ્થાનિકો દ્વારા વિવિધ સ્થળોએ મંજૂરી વગર સ્પીડ બ્રેકર બનાવી દેવાયા હોવાની ફોટોગ્રાફ્સ સાથેની લેખિત અરજી એસ્ટેટ શાખાને મળી હતી. અરજીના આધારે તંત્ર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી હતી. આ સ્પીડ બ્રેકરો નિર્ધારિત ધોરણો અને નિયમો કરતા વધુ ઊંચા હોવાથી ત્યાંથી પસાર થતાં વાહનચાલકો માટે સતત અકસ્માતનો ભય તોળાતો હતો. આથી મહાનગરપાલિકાની સિવિલ

અનુ પાના નં.૨ પર

# સફાઈ કામદારોના પ્રશ્ને જામનગર મનપા સામે આમરણ ઉપવાસની ચીમકી: યુનિયન દ્વારા નોટીસ પાઠવાઈ



તસવીરઃ હિરેન ગાંધી

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં ભ્રષ્ટાચાર અને અન્યાય સામે ફોજદારી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ: મંજૂર મહેકમ મુજબ જગ્યાઓ ભરવા રજૂઆત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગમાં ફરજ બજાવતા અનુસૂચિત જાતિના સફાઈ કામદારોના લાંબા સમયથી અણઉકેલાયેલા પ્રશ્નો અને કથિત અન્યાય સામે 'રાષ્ટ્રીય સફાઈ કરમચારી મજદૂર યુનિયન' દ્વારા લાલઆંખ કરવામાં આવી છે. યુનિયન દ્વારા જામનગર મનપાના મેયર અને કમિશનરને ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ્સ એક્ટ-૧૯૪૭ હેઠળ નોટીસ પાઠવીને ચીમકી આપવામાં આવી છે કે જો પડતર પ્રશ્નો અને રજૂઆતો અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો ગઈકાલે તા. ૨૩ સપ્ટેમ્બરથી જ યુનિયનના સભ્યો દ્વારા આમરણ ઉપવાસ આંદોલન શરૂ કરવામાં આવ્યું છે.

યુનિયન દ્વારા કરવામાં આવેલી મુખ્ય રજૂઆતોમાં જણાવ્યા મુજબ, મનપાના જૂની હદ વિસ્તારમાં ૧૮૬ બીટ નક્કી કરાયેલા છે જેના માટે ૧૩૩૪ સફાઈ કામદારોનું મહેકમ મંજૂર થયેલું છે, પરંતુ પૂરતા સફાઈ કર્મચારીઓ ન હોવાથી કામગીરી પ્રભાવિત થાય છે. આ ઉપરાંત નેતાઓ કે મંત્રીઓના કાર્યક્રમો સમયે કામદારો પાસે મૂળ સફાઈ સિવાયની અન્ય કામગીરી લેવાતી હોવાના અને એસ.એસ.આઈ. દ્વારા માનસિક હેરાનગતિ કરાતી હોવાના આક્ષેપો કરાયા છે. તેમજ જોખમી સબ સ્ટેશન પાસે જીવના જોખમે કામ કરાવવા બદલ અને અનધિકૃત કામગીરી કરાવતા જવાબદાર અધિકારીઓ સામે એટ્રોસિટી તથા ફોજદારી રાહ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરવામાં આવી છે.

આ ઉપરાંત સફાઈ કામદારોના સેટઅપમાં ખાલી પડેલી જગ્યાઓ પર અવેજી સફાઈ કામદારોના સી.આર.

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com